અપીલ અરજી નં.૨૬૧ તા .૧૪–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલની તા. ૧૩–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૧૫૬ તા. ૨૦–૬–૧૧ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં જણાવવાનું કે દલિત વસાહત ઝુંપડપટૃીમાં રહેતા કિશનભાઈ લક્ષ્મણભાઈ નાહક સને ૨૦૦૭માં ઉડીયા ભરવાડની ચાલમાં રહેતો હતો,ત્યારે એનુ ચુંટણી કાર્ડ બનેલ છે તે સુરત બહારનું છે? એવો પ્રશ્ન પુછવામાં આવેલ હતો, ત્યારે પૂર્વ ઝોન વરાછાનાં માહિતી અધિકારીએ અરજદારને તા. ૨૦–૬–૧૧ના રોજના જવાબમાં એવું જણાવ્યું છે કે અત્રે રજુ થયેલ ચુંટણી કાર્ડની પ્રાથમિક ચકાસણી દરમ્યાન તે સુરત બહારનું હોવાનું જણાવેલ નથી ? તો એવા ગરીબોને ખોટા બહાના કરી મકાન ફાળવેલ નથી એનું કારણ શું એની સંપૂર્ણ વિગત સાથે અમોને સમગ્ર માહિતી આપો વિ. મુદ્દા નં (૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૬૧/૨૦૧૧–૧૨

શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલની તા. ૧૩–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નં. ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૧૫૬ તા. ૨૦–૬–૧૧ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં જણાવવાનું કે દલિત વસાહત ઝુંપડપટૃીમાં રહેતા કિશનભાઈ લક્ષ્મણભાઈ નાહક સને ૨૦૦૭માં ઉડીયા ભરવાડની ચાલમાં રહેતો હતો,ત્યારે એનુ ચુંટણી કાર્ડ બનેલ છે તે સુરત બહારનું છે? એવો પ્રશ્ન પુછવામાં આવેલ હતો ત્યારે પૂર્વ ઝોન વરાછાનાં માહિતી અધિકારીએ અરજદારને તા. ૨૦–૬–૧૧ના રોજના જવાબમાં એવું જણાવ્યું છે કે અત્રે રજુ થયેલ ચુંટણી કાર્ડની પ્રાથમિક ચકાસણી દરમ્યાન તે સુરત બહારનું હોવાનું જણાવેલ નથી ? તો એવા ગરીબોને ખોટા બહાના કરી મકાન ફાળવેલ નથી એનું કારણ શું એની સંપૂર્ણ વિગત સાથે અમોને સમગ્ર માહિતી આપો વિ. મુદ્દા નં (૧)થી (૨)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૩૦૫, ૩૦૬, ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૧ તા.૧૬–૮–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહે પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે કટ ઓફ ડેટ અંગે નીતિ–જોગવાઈ તેમજ અરજદારે રજુ કરેલ વિગતોની દફતરી હકીકત પણ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૪ તા.૨૬–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૧૫૬ તા. ૨૦–૬–૧૧ ના જવાબનો હવાલો અરજીમાં આપેલ છે પરંતુ તેની નકલ આપેલ નથી તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૫૬ તા.૧૦–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ તથા અરજદારને ઈ.ઝેડ/આરટીઆઈ/૧૫૬ તા.૨૦–૬–૧૧ થી આપેલી માહિતી અંગેની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગત મળેલ નથી.

અરજદારની તા.૧૩–૭–૧૧ ની અરજીથી કિશનભાઈ લક્ષ્મણભાઈ નાહકની મકાન ફાળવણી બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૧૧ તા.૧૬–૮–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારની અરજીના મુદ્દા નં.(૧) નં. ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૧૫૬ તા. ૨૦–૬–૧૧ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં જણાવવાનું કે દલિત વસાહત ઝુંપડપટૃીમાં રહેતા કિશનભાઈ લક્ષ્મણભાઈ નાહક સને ૨૦૦૭માં ઉડીયા ભરવાડની ચાલમાં રહેતો હતો,ત્યારે એનુ ચુંટણી કાર્ડ બનેલ છે તે સુરત બહારનું છે? એવો પ્રશ્ન પુછવામાં આવેલ હતો ત્યારે પૂર્વ ઝોન વરાછાનાં માહિતી અધિકારીએ અરજદારને તા. ૨૦–૬–૧૧ના રોજના જવાબમાં એવું જણાવ્યું છે કે અત્રે રજુ થયેલ ચુંટણી કાર્ડની પ્રાથમિક ચકાસણી દરમ્યાન તે

સુરત બહારનું હોવાનું જણાવેલ નથી ? તો એવા ગરીબોને ખોટા બહાના કરી મકાન ફાળવેલ નથી એનું કારણ શું એની સંપૂર્ણ વિગત સાથે અમોને સમગ્ર માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મજકુર ઈસમ ધ્વારા કટ ઓફ ડેટ પહેલાના અધિકૃત પુરાવા રજૂ થયેલ ન હોય તેઓને વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ ના રોજ ગેરકાયદેસર ડીમોલીશન કરી ઘર વગરના રખડતા કરી દીધા છે ખોટા બહાના કરી કેટલા લોકોને મકાનો ફાળવેલ નથી? એમને મકાન કયારે ફાળવવાના છો એની માહિતી આપો. અને દલિત વસાહતમાં રહેતો કિશનભાઈ લક્ષ્મણભાઈ નાહકને મકાન કયારે ફાળવી આપવાના છો જેટલા લોકોને ખોટા બહાના કરી વરાછાઝોનના માહિતી અધિકારીએ અરજદારોએ કરેલ અરજીઓના ખોટા જવાબો આપી રખળાવી રહયા છે એ બરોબર નથી. રહી ગયેલ લાભાર્થીઓને મકાન કયારે ફાળવવાના છો કે નથી એની ચોખ્ખી માહિતી અમોને સમય મર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ૧૪૧ ઝંપડાઓના અસરગ્રસ્ત ઈસમોને વૈકલ્પિક આવાસની ફાળવણી થયેલ છે. તે સિવાયના ૭ ઝુંપડાના અસરગ્રસ્ત ઈસમો ધ્વારા કટ ઓફ ડેટ પહેલાના અધિકૃત પુરાવા રજૂ થયેલ ન હોય તેઓને વૈકલ્પિક આવાસ ફાળવવાના રહેતા નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીમાં ગેરકાયદેસર ઝુંપડા તોડી લોકોને મકાન અપાયેલ નથી તેવું જણાવી તા.૧૪–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ કટ ઓફ ડેટ પહેલા અધિકૃત પુરાવાઓ રજૂ કરેલ ન હોય તેઓનો વૈકલ્પિક આવાસ ફાળવાયેલ નથી. અને તેવા ઝુંપડાઓની સંખ્યા પણ ૭ હોવાનું જણાવેલ છે. જેમાં અરજદારે જણાવેલ ઈસમ કિશનભાઈ લક્ષ્મણભાઈ નાહકનો સમાવેશ થયેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી કંઈ કરવાનું રહેતું નથી અને અપીલ અરજી દફતરે કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૭–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ